## રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૨

રાજ્ય પરીક્ષા બોર્ડના તા:૧૫/૦૬/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંક: રાપબો/HMAT/૨૦૨૧/૪૧૭૮-૪૨૨૧ દ્વારા રજિસ્ટર થયેલી અનુદાનિત (ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂંક મેળવવા માટેની **"આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૨"** પરીક્ષા માટે નિયત લાયકાત અને નિયત અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી આવેદનપત્રો મંગાવવામાં આવેલ હતા. આ પરીક્ષાના જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે ભરતી સમયે ભરતી કમિટિ દ્વારા નિયત લાયકાત અને નિયત અનુભવની ચકાસણી કરવામાં આવશે અને ભરતી કમિટિનો નિર્ણય આખરી રહેશે.

આ પરીક્ષામાં ઉમેદવાર જાહેરનામા મુજબ નિયત અનુભવ અને નિયત લાયકાત ધરાવે છે તે શરતે આ પરીક્ષામાં આવેદનપત્ર ભરનાર અને ફી ભરનાર તમામ ઉમેદવારને શરતી પરીક્ષા આપવા દેવામાં આવશે. પરીક્ષા આપવાથી ઉમેદવાર નિયત લાયકાત અને નિયત અનુભવ ધરાવે છે તેવો દાવો કરી શકશે નહીં.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૨ પરીક્ષા માટે જેમણે આવેદનપત્ર અને ફી ભરેલ છે તેના માટે **http://ojas.gujarat.gov.in** પરથી ઓનલાઈન હોલ ટિકિટ ડાઉનલોડ કરવાનો સમયગાળો | **તા:૦૭/૧૦/૨૦૨૨** (૧૪:૦૦ કલાક) થી **તા:૧૬/૧૦/૨૦૨૨** (૧૨:૦૦ કલાક સુધી) |
| ૨ | પરીક્ષાની તારીખ,સમય અને જિલ્લા કેંદ્રો | **તા:૧૬/૧૦/૨૦૨૨**<br>(બપોરે ૧૩.૦૦ કલાક થી ૧૬.૦૦ કલાક)<br>(અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, સુરત, રાજકોટ) |

નોંધ: ૧) આ પરીક્ષા અંગેની અન્ય સુચનાઓ રાજ્ય પરીક્ષા બોર્ડના ઉપરોક્ત જાહેરનામા અનુસાર રહેશે.

૨)પરીક્ષા અંગેની વખતો-વખતની આપવામાં આવતી સુચનાઓ માટે બોર્ડની વેબસાઇટ https://www.sebexam.org/ જોતા રહેવા જણાવવામાં આવે છે.

તારીખ:૧૪/૦૯/૨૦૨૨ સચિવ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર